**બીલીમોરા પો. સ્ટે. પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૮૨૨૦૦૬૨૩૧૩૭૮/૨૦૨૩ ના કામના આરોપી–દિપ અનીલભાઈ પટેલનાઓની ઈ.પી.કોની કલમ–૩૨૩, ૩૨૬, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪, ૧૨૦(બી), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી. પી. એકટની કલમ ૧૩૫ મુજબના ગુન્હામાં જામીન અરજી હેઠળ હુકમ.**

---

આરોપીના વિ.વ.શ્રી તથા વિ.એ.પી.પી.શ્રી ને સાંભળ્યા. આ અરજી તથા પેપર્સ વંચાણે લીધા.

**(૧)..**આરોપી પક્ષે તેમના વિ.વ.શ્રીએ એવી દલીલ કરેલ છે કે હાલના આરોપીને સદર ગુનાના કામે બીનજરૂરી ગેરકાયદેસર અને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. સદર ગુનાની સજા આજીવન કે કેદ કે ફાંસીની નથી. સદર આરોપી જણાવેલ સરનામે સ્થાવર જંગમ મિલ્કત ધરાવે છે. તથા કુટુંબ કબીલાવાળા માણસ છે. આરોપીને જામીન મુકત કરવામાં આવે તો કયાંય નાસી ભાગી જાય તેમ નથી. સદર આરોપીના શીરે કુંટુંબના ભરણપોષણની જવાબદારી રહેલી છે તેથી જો જામીન પર છોડવામાં ના આવે તો કુટુંબને આર્થિક નુકશાન તેમજ અગવડ થાય તેમ છે. આરોપીને નામદાર કોર્ટ લાડે તે તમામ શરતોનુ પાલન કરશે તેમજ નામદાર કોર્ટ ફરમાવે તેટલી રકમના જામીન આપવા તૈયાર છે જેથી હાલના આરોપીને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

**(૨)** જયારે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ એવી દલીલ કરેલ છે કે, જામીન અરજી તથા આ કામે રજુ થયેલા પેપર્સો જોતા આરોપીએ સહઅરોપી સાથે ઈ.પી.કો તથા રાયોટીગનો ગુનો કરેલ છે જે બાબતે જામીનના કામે પાસપોર્ટ હોવા છતા છુપાવી પાસપોર્ટ ધરાવતા ન હોય એવુ ખોટુ સોંગદનામુ કરેલ. આ ખુબ જ ગંભીર ગુનો હોય તેમજ નામદાર કોર્ટની શરતોનો ભંગ કરેલ હોય જો જામીન મુકત થાય તો ફરી પાછા આવા ગુના કરે/કરાવે એવી પુરેપુરી શકયતા હોય સદર આરોપીને જામીન મુકત નહી કરવા વિનંતી કરેલ છે.

**(૩)** ઉપરોકત બંન્ને પક્ષની રજુઆત કેસના સંજોગો તથા કાયદાની પરીસ્થિતી ધ્યાને લેતા આ કામમાં આ કેસની મુળ હકીકત ધ્યાને લેતા આરોપી ઉપર વધુમાં વધુ ૧૦ વર્ષ સુધીની સજાને પાત્ર છે.આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી કરી મે.જીલ્લા મેજી.સાહેબ નવસારીના હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી એકબીજા સાથે ભેગા મળી કાયદા વિરૂધ્ધ મંડળી રચી ઈરાદાપુર્વક પુર્વઆયોજીત કાવતરુ રચી પ્રાણઘાતક હથીયારોથી સજજ થઈ હુલ્લડ કરવાના ઈરાદે આ કામના ફરીયાદીને ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચાડેલ તેવો ગંભીર પ્રકારનો ગુનાનો આક્ષેપ છે.સદર કામે રેકર્ડ જોયે તો

આરોપી સામે ગુ.ર.નં.૧૧૮૨૨૦૦૬૨૩૧૩૭૮/૨૦૨૩, ઈ.પી.કો કલમ ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪, ૧૨૦(બી), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી. પી. એકટની કલમ ૧૩૫ મુજબ ફરીયાદી ક્રિષ્નકુમાર જેન્તીભાઈ પટેલના ઓ એ આ કામની ફરીયાદ લખાવેલ છે. સદર ફરીયાદના કામે કુલ સાત વ્યકિતઓ વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે જેમાં આરોપી નં.ર તરીકે દિપ અનીલભાઈ પટેલનાઓ છે.સદર આરોપી ધ્વારા તા.૧/૬/૨૦૨૬ ના રોજ અત્રેની અદાલતમાં વોરંટ રદની અરજી રજુ કરેલ જે અરજી લગત આરોપીને કેસના રેકર્ડ આધારે નામદાર જીલ્લા અદાલતના સી.આર.એમ.એ.નં.૬૫૯/૨૦૨૫ ના હુકમ મુજબ આરોપીના જામીન રદ થયેલ હોય જેથી જયુડી.કસ્ટડી લેવા હુકમ કરવામાં આવેલ. તેમજ આરોપી ધ્વારા તેનો પાસપોર્ટ જમા કરવા માટે અરજી રજુ કરતા હુકમ આધારે આરોપીનો પાસપોર્ટ સેફ કસ્ટડી રજી.નં.૧૮/૨૦૨૬ તા.૧/૬/૨૦૨૬ થી જમા લીધેલ છે. આ કામે રેકર્ડ જોયે તો સદર ગુનાના કામે પ્રોડકશન સમયે આરોપીઓ ધ્વારા દાખલ કરવામાં આવેલ ફો.પ.અ.નં.૫૭૫/૨૦૨૩ જે મારા પુરોગામી ન્યાયધીશશ્રી ધ્વારા નામંજુર કરવામાં આવેલ ત્યારબાદ આરોપીઓ ધ્વારા નામદાર જીલ્લા અદાલતમાં ફો.પ.અ.નં.૬૮૫/૨૦૨૩ થી જામીન અરજી દાખલ કરેલી જે જામીન અરજીમાં પ્રત્યેક આરોપીને રૂા.૫૦,૦૦૦/– જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવા તેમજ શરત નં.૭ મુજબ અરજદાર/આરોપીએ ભારત દેશની હદ છોડવી નહી અને પાસપોર્ટ ધરાવતા હોય તો તે જમા કરાવવો અને પાસપોર્ટ નહી ધરાવતા હોય તો તે અંગેનુ સોંગદનામુ રજુ કરવુ તેવો હુકમ થયેલ જે હુકમના સંદર્ભમાં આરોપી ધ્વારા તા.૨૬/૧૦/૨૦૨૩ ના રોજ નામદાર કોર્ટના હુકમ મુજબ જામીન રજુ કરેલ છે તથા બેલ બોન્ડ સંબંધીત શરતો બાબતે રજુ કરેલ છે અને ત્યારબાદ સદર કામે ચાર્જશીટ ફો.કે.નં.૧૦/૨૦૨૪ થી દાખલ થતા અદાલતની પ્રોસેસ થતા આરોપી હાજર થયેલ છે અને તા.૪/૧/૨૦૨૪ ના રોજ આંક–૪ થી તહોમતનામુ ઘડવામાં આવેલ છે અને સદર આરોપી દિપ અનીલભાઈ કો.પટેલનુ આંક–૬ થી પ્લી લેવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીના વિ.વ.શ્રી ધ્વારા આરોપીનુ એકઝામીશન રીપોર્ટ રજુ કરેલ છે.ત્યારબાદ આ કામે મુળ ફરીયાદી ક્રિષ્નકુમાર જેન્તીભાઈ કો.પટેલ ધ્વારા ફો.પ.અ.નં.૬૫૯/૨૦૨૫ નામદાર જીલ્લા અદાલતમાં દાખલ કરેલ જેમાં આરોપી દિપ અનીલભાઈ કો.પટેલના ના જમીન રદ કરવા અરજી કરતા નામદાર જીલ્લા અદાલત ધ્વારા તા.૩/૧/૨૦૨૬ ના રોજ મુળ ફરીયાદીની અરજી મંજુર કરી આરોપી નં.ર દિપ અનીલભાઈ પટેલના જામીન રદ કરવા અને આગળની કાર્યવાહી કરવા નીચેની અદાલતને સુચના આપેલ છે. જે લગત અત્રેની અદાલત ધ્વારા આરોપીને વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ

અને જામીનદારને નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ જેમાં આરોપી ભારત દેશ છોડી ડોહાકતાર દેશ ખાતે ધંધા અર્થે ગયેલ છે તેવો શેરો આવેલ હોય જે હકીકત ધ્યાને લેતા આરોપીએ નામદાર જીલ્લા અદાલતના ફો.પ.અ.નં.૬૮૫/૨૦૨૩ ના હુકમના શરત નં.૭ નો પાલન કરેલ ન હોય અને પોતે પાસપોર્ટ નં. U.8325679 ધરાવતા હોવા છતા પાસપોર્ટ ધરાવતા નથી તેવુ સોંગદનામુ કરેલ છે જે હકીકત જોતા આરોપીએ જામીનની શરતોનો ભંગ કરેલ છે અને નામદાર જીલ્લા અદાલત ધ્વારા ફો.પ.અ.નં .૬૫૯/૨૦૨૫ ના હુકમથી આરોપીના જામીન રદ કરેલ હોય જેથી આરોપીની હાલની અરજી મંજુર થવા પાત્ર જણાતી ના હોય જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–: <u>હુ ક મ</u> :–**

સદર કામે આરોપી/અરજદાર નામે દિપ અનીલભાઈ પટેલની, રહે.છાપર દેસાઈ ફળીયા, તા.ગણદેવી,જી.નવસારીનાઓની જામીન અરજી આથી **નામંજુર (રદ)** કરવામાં આવે છે.

ગણદેવી
તારીખ ૦૩/૦૬/૨૦૨૬

**(જીગર નારાયણકુમાર મહેતા)**
ઈ/ચા.એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
તા.ગણદેવી,જી.નવસારી.
(Code GJ01498)